| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬–૦૬–૨૦૦૦ |
| નોંધણી તારીખ | ૧૬–૦૬–૨૦૦૦ |
| ફેંસલ તારીખ | ૨૫–૧૦–૨૦૨૧ |
| સમયગાળો | વર્ષ....માસ.... દિવસ.... |

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **૫૩૨ / ૨૦૦૦** |
| **આંક** | **૨૪** |

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

**<u>વિ રૂ દ્ધ</u>**

**<u>આરોપીઓ</u>** :–

(૧) અસફાકખાન ઉર્ફે અચ્છુ મહેતાબખાન પઠાણ, ઉ.વ.આ.૧૮,

(૨) મકસુદખાન મહેતાબખાન પઠાણ, ઉ.વ.આ.૧૯,

(૩) આફતાબખાન મહેતાબખાન પઠાણ, ઉ.વ.આ.૨૪,

(૪) અસમતખાન ઉર્ફે પપ્પુ અયુબખાન પઠાણ, ઉ.વ.આ.૨૦,

(૫) ઈસ્માઈલ ઈબ્રાહીમભાઈ મનસુરી, ઉ.વ.આ.૨૧,

(૬) રહીમભાઈ ઈબ્રાહીમભાઈ મનસુરી, ઉ.વ.આ.૨૦,

(૭) નવાબખાન ઉર્ફે ગોલા અયુબખાન પઠાણ, ઉ.વ.આ.૧૮,

(૮) ઈબ્રાહીમખાન ખેરૂરહેમાન પઠાણ, ઉ.વ.આ.૨૪,

(૯) હૈદરખાન અકબરખાન પઠાણ, ઉ.વ.આ.૩૦,

(૧૦) ફીરોજભાઈ ઉર્ફે લઉવા અબ્દુલભાઈ શેખ, ઉ.વ.આ.૩૦,

(૧૧) તાહીર ખેરૂરહેમાન પઠાણ, ઉ.વ.આ.૩૧,

(૧૨) જહીરઅબ્બાસ પીરમહંમદ શેખ, ઉ.વ.આ.૨૦,

તમામ રહે. રમણલાલ ડાહયાભાઈની ચાલી,

નુતન મીલ સામે, સરસપુર, અમદાવાદ.

**<u>એડવોકેટસ</u>** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે.એચ.પંડયા

આરોપીઓ પક્ષે વિ.વ.શ્રી આર. એસ. ભાલકીયા

**<u>ગુનો :– ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૩૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબ.</u>**

**<u>'' જ જ મે ન્ટ ''</u>**

(૧) આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૩૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૦૩/૨૦૦૦ ના કલાક ૨૦–૦૦ થી ૨૦–૧૫ દરમ્યાન શાહ પોપટલાલ મોહનલાલની ચાલી તથા રમણ ડાહયાની ચાલી વચ્ચે જાહેરમાં આરોપીઓએ તા.૦૮/૦૩/૨૦૦૦ ના સવારના છોકરી સાથે સાયકલ અથડાવવાના બાબતે ફરીયાદી સાથે બોલાચાલી થયેલ તેની અદાવત રાખી આરોપીઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારૂં ગેરકાયદેસર મંડળી બનાવી આરોપી નં.૬ એ ફરીયાદીને બરડામાં કપાળમાં ગાલ ઉપર સ્ટમ્પ વડે માર મારી તથા બીજા તમામ આરોપીઓએ શાહ પોપટલાલ મોહનલાલની ચાલી ઉપર પથ્થરમારો કરી કાચની બાટલીઓ તથા ઈંટોના ટુકડા છુટા મારી સાહેદ નં.૧૧ તથા સાહેદ નં.૧૨ નાઓને શરીરે ઈજાઓ કરી તથા હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો. તે મુજબ

ફરીયાદીએ પોલીસ સમક્ષ ફરીયાદ લખાવતાં શહેરકોટડા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૮/૨૦૦૦ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીઓને અટક કરી,આરોપીઓ સામે ઈ.પી.કો.ક. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૩૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) ના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીઓ સામેના ગુનાના આંક–૨ ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીઓનું પ્રાથમીક નિવેદન આંક–૩ થી ૧૩ સુધી લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. ફરીયાદપક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં આ કામના પક્ષકારોએ આંક–૧૫ થી સમાધાન પુરસીસ રજુ કરેલી છે. પરંતુ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧ ૪૭, ૧૪૮, ૩૩૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુના કર્યાનો આક્ષેપ હોય અને તે તમામ ગુનાઓ બીન સમાધાનપાત્ર હોવાથી સમાધાન પુરસીસ મંજુર થઈ શકે તેમ ન હોય સમાધાન પુરસીસ નામંજુર કરવામાં આવે છે અને સદરહું ગુનાની કાર્યવાહી સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | પુરાવો તથા દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી દીલીપકુમાર પુનમચંદ જાદવની જુબાની | ૧૬ |
| ૨ | ફરીયાદ | ૧૭ |
| ૩ | સાહેદ મહેશભાઈ શનાભાઈ રાઠોડની જુબાની | ૧૮ |
| ૪ | સાહેદ શૈલેષ કનુભાઈ ટોલીયાની જુબાની | ૧૯ |

| | | |
|---|---|---|
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૦ |
| ૬ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૨૧ |
| ૭ | મેડીકલ સર્ટીફીકેટ | ૨૨ |
| ૮ | કલોઝીંગ પુરસીસ | ૨૩ |

(૫) પુરાવાના અંતે આરોપીઓની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડ કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીઓએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

– વિ.એપીપીશ્રીની મુખ્યત્વે દલીલ એ છે કે આ કામે ફરીયાદપક્ષ ધ્વારા પોતાનાં કેસને નિ:શંકપણે સાબીત કરેલ હોય તેમજ આ કામના સાહેદો ધ્વારા કેસને સમર્થન મળેલ હોય તેમજ પોલીસે યોગ્ય રીતે તપાસ કરેલી હોય જેથી આ કામના આરોપીઓ વિરૂધ્ધ ગુનો પુરવાર થતો હોય આરોપીઓને મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

– બચાવપક્ષના વિ.વ.શ્રીની મુખ્ય દલીલ એ છે કે આ કામે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત જોવામાં આવે તો આરોપીઓ વિરૂધ્ધ નિ:શંકપણે કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નીષ્ફળ નીવડેલ છે તેમજ આ કામે ફરીયાદપક્ષના કેસને પંચોનું સમર્થન મળેલ નથી તેમજ નજરે જોનાર સાહેદો કોઈ ના હોય તથા આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત થતી ન હોય તથા આ કામે કાયદા ધ્વારા પ્રસ્થાપીત કરેલ જોગવાઈ અનુસાર પંચનામું કરવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષે તેના સાહેદોને સમર્થન પ્રાપ્ત થતુ ન હોય આક્ષેપીત ગુનાની હકીકત સાબીત થતી ન હોય તથા આક્ષેપીત ગુન્હાને નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય આથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો અને ફરીયાદપક્ષના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, તા.૦૮/૦૩/૨૦૦૦ ના કલાક ૨૦–૦૦ થી ૨૦–૧૫ દરમ્યાન શાહ પોપટલાલ મોહનલાલની ચાલી તથા રમણ ડાહ્યાની ચાલી વચ્ચે જાહેરમાં આરોપીઓએ તા.૦૮/૦૩/૨૦૦૦ ના સવારના છોકરી સાથે સાયકલ અથડાવવાના બાબતે ફરીયાદી સાથે બોલાચાલી થયેલ તેની અદાવત રાખી આરોપીઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારૂં ગેરકાયદેસર મંડળી બનાવી આરોપી નં.૬ એ ફરીયાદીને બરડામાં કપાળમાં ગાલ ઉપર સ્ટમ્પ વડે માર મારી તથા બીજા તમામ આરોપીઓએ શાહ પોપટલાલ મોહનલાલની ચાલી ઉપર પથ્થરમારો કરી કાચની બાટલીઓ તથા ઈંટોના ટુકડા છુટા મારી સાહેદ નં.૧૧ તથા સાહેદ નં.૧૨ નાઓને શરીરે ઈજાઓ કરી તથા હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી એકબીજાની મદદગારીમાં ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૩૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) <u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર:–૧**

(૯) ઉભય પક્ષકારોની તમામ રજુઆત ધ્યાનમાં લેતાં બનાવની તારીખ, સમય અને સ્થળ અંગે કોઈ વિવાદ નથી. બનાવના દિવસે, સમયે અને સ્થળે ભોગબનનાર

સાહેદને ઈજા થયેલ છે તે અંગે પણ કોઈ વિવાદ નથી જેને આ કામે રજુ થયેલ મેડીકલ સર્ટી. થી સમર્થન મળે છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ તા.૦૮/૦૩/૨૦૦૦ ના કલાક ૨૦–૦૦ થી ૨૦–૧૫ દરમ્યાન શાહ પોપટલાલ મોહનલાલની ચાલી તથા રમણ ડાહ્યાની ચાલી વચ્ચે જાહેરમાં આરોપીઓએ તા.૦૮/૦૩/૨૦૦૦ ના સવારના છોકરી સાથે સાયકલ અથડાવવાના બાબતે ફરીયાદી સાથે બોલાચાલી થયેલ તેની અદાવત રાખી આરોપીઓએ પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા સારૂં ગેરકાયદેસર મંડળી બનાવી આરોપી નં.૬ એ ફરીયાદીને બરડામાં કપાળમાં ગાલ ઉપર સ્ટમ્પ વડે માર મારી તથા બીજા તમામ આરોપીઓએ શાહ પોપટલાલ મોહનલાલની ચાલી ઉપર પથ્થરમારો કરી કાચની બાટલીઓ તથા ઈંટોના ટુકડા છુટા મારી સાહેદ નં.૧૧ તથા સાહેદ નં.૧૨ નાઓને શરીરે ઈજાઓ કરી તથા હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો હોવાનો આક્ષેપ છે, જે હકીકત પુરવાર કરવા આ કામે આંક–૧૬ થી ફરીયાદી દીલીપકુમાર પુનમચંદ જાદવને સોગંદ ઉપર તપાસતાં તેઓએ તેમના પુરાવામાં બનાવ તા.૦૮/૦૩/૨૦૦૦ ના રોજ સવારના સાડા આઠ વાગ્યાના સુમારે બનેલો તે સમયે તેઓની ચાલીની છોકરીઓ રોડ ક્રોસ કરતી હતી ત્યારે એક સાયકલ પર ડબલ સવારી છોકરાઓ આવી છોકરીને સાયકલ અથડાવેલ આથી બનાવ સમયે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, બીજુ કાંઈ બનેલ નહી. આરોપીઓ સાથે તેઓને કોઈ મારા મારી થયેલી નહી કે આરોપીઓએ તેઓને કોઈ ઈજા પહોંચાડેલ નહી તેમજ આરોપીઓએ તેઓને કાંઈ કહેલ નહી કે કોઈ ગાળો આપેલ નહી કે જાનથી મારી નાંખવાની કોઈ ધમકી આપેલ નહી. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હોય આથી કોણ શું બોલતું હતું તેની તેઓને ખબર નથી. આવેશમાં આવી બનાવની ફરીયાદીએ ફરીયાદ આપેલ તેમ જણાવી ફરીયાદ ઉપર પોતાની સહી ઓળખી બતાવેલ છે. ફરીયાદી, ફરીયાદ હકીકતને સમર્થન આપતાં ન હોવાથી વિ.એ.પી.પી. દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસ કરેલ છે,પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી.

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૮ થી સાહેદ મહેશભાઈ શનાભાઈ રાઠોડ તથા આંક–૧૯ થી સાહેદ શૈલેષભાઈ કનુભાઈ ટોલીયા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન આપેલ ન હોવાથી વિ.એ.પી.પી. ધ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી ઉલટતપાસ કરેલ છે,પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. જયારે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસ દરમ્યાન ફરીયાદી તથા સાહેદોએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે અને કેસ ચલાવવો નથી.

(૧૦) ક્રિમીનલ ટ્રાયલનો મુળભુત સિધ્ધાંત એ છે કે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવાનો રહે છે. ફરીયાદપક્ષના કેસ સંદર્ભે જો બચાવપક્ષ શંકા ઉત્પન્ન કરવામાં સફળ થાય તો તે શંકાનો લાભ બચાવપક્ષને આપવો જોઈએ. હાલના કેસમાં સદર સિધ્ધાંતને મુલવતાં આ કામે ફરીયાદપક્ષ ધ્વારા જે ઉપરોકત પુરાવો રજુ કરેલ છે તથા તેના સમર્થનમાં જે દસ્તાવેજો રજુ કરેલ છે તેને તપાસતાં નિ:શંકપણે સાબિત કરવા માટે ફરીયાદીની ફરીયાદ હકીકત તેમજ નજરે જોનાર તથા હકીકતને સાંભળીને રજુ કરનાર સાહેદોનો મૌખિક પુરાવો બનાવનો સમય, સ્થળ તથા ઈજા સંદર્ભેનો એકરૂપ પુરાવો તથા ફરીયાદીની ફરીયાદ સંદર્ભે તથા સાહેદોને મૌખિક પુરાવામાં આવેલ હકીકતો સંદર્ભેની ગુણવત્તા મહત્વની બની જાય છે. આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લેતાં આ કામે ફરીયાદ પક્ષનો કેસ જોવામાં આવે તો પ્રથમ ક્રિમીનલ ટ્રાયલનો સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરવાનો રહે છે અને નિ:શંકપણે સાબીત કરવા માટે આક્ષેપીત ગુન્હાની હકીકતો સોગંદ પરના પુરાવા સાથે સમાંતર રીતે પુરવાર થવી જોઈએ તેમજ ફરીયાદપક્ષના તમામ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તે મુજબનો મૌખીક પુરાવો રેકર્ડ પર રજુ કરવાનો રહે છે અને પુરાવાની તમામ સાંકળની કડીઓ એકબીજા સાથે જોડાઈ ત્યારે કેસ નિ:શંકપણે સાબીત થયેલો માની શકાય અન્યથા બચાવપક્ષ જો ફરીયાદપક્ષના કેસ પર

થોડી પણ શંકા ઉત્પન્ન કરવામાં સફળ થાય તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર રહે છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામા આવેલ પુરાવાનુ આક્ષેપીત ગુન્હાના તત્વો સાથે મુલ્યાંકન કરતા પહેલા નામદાર ઉચ્ચ તથા સર્વોચ્ચ અદાલત દવારા સદર ગુનાના તત્વોની સાબીતી સંદર્ભે જે ચુકાદાઓ પ્રસ્થાપિત કરેલ છે તે ચુકાદાના સિધ્ધાંતો તથા રેસીયો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ ફરીયાદને સમર્થન આપેલ નથી અને ફરી ગયેલ જાહેર થયેલ છે. તેમજ આ કામે આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવા ફરીયાદીને કોઈ મારક હથીયાર વડે વ્યથા પહોચાડેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદીએ સોગંદ પર જણાવેલ નથી. આથી ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો એટલો બળવાન નથી કે જેના પર આધાર રાખી આરોપીઓને તકશીરવાન ઠરાવી શકાય. વધુમાં આરોપીઓએ ફરીયાદીને બીભત્સ ગંદી ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલી હોય તે શબ્દો પણ રેકર્ડ પર આવેલ નથી અને તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય તેઓને કેસ આગળ ચલાવવો ન હોવાનુ જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ આક્ષેપીત હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષના અન્ય સાહેદોએ પણ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી.

(૧૨) આ કામે આરોપીઓએ જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે, જે મુજબ જી.પી.એકટની કલમ ૧૩૫ વંચાણે લઈએ તો,

<u>જી. પી. એકટની કલમ–૧૩૫</u>

ફરિયાદપક્ષ તરફે જી. પી. એકટની કલમ–૧૩૫ અન્વયેનો ગુન્હો સાબિત કરવો હોય તો જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરીનાં સબંધિત અધિકારીને સોગંદ પર તપાસી બનાવનાં અરસામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતું કે કેમ ? અને જો અમલમાં હતું તો તેની બહોળી પ્રસિધ્ધી કરવામાં આવેલ હતી કે કેમ ? તે પુરવાર

કરવું પડે. પરંતુ હાલનાં કામે ફરિયાદપક્ષ તરફે આવા કોઈ અધિકારીને તપાસવામાં આવેલ નથી કે, જાહેરનામું રેકર્ડ પર લાવી આંકે પાડવામાં આવેલ નથી. નામ. ગુજરાત હાઈકોર્ટે તેમનાં ચૂકાદા ૨૦૦૦(૨) જી.એલ. એચ. પાના નં. ૨૮૫, બાઈ શાન્તા શામળભાઈ અને બીજાઓ વિ. યુનિયન ઓફ ઈન્ડીયાનાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે બોમ્બે પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) મુજબ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવી જોઈએ. સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધી કરી દેવી તે જાહેર પ્રસિધ્ધી કહી શકાય નહીં. આમ, બનાવનાં અરસામાં હથિયારબંધી સબંધેનું જાહેરનામું અસ્તિત્વમાં હતું કે કેમ ? તે રેકર્ડ પર આવતું ન હોવાથી ધી બોમ્બે પોલીસ એકટની કલમ–૧૩૫ અન્વયેનો ગુન્હો પુરવાર થયેલ ગણી શકાય નહીં. આ કલમ પુરવાર કરવા માટે પ્રથમ આવું જાહેરનામું અસ્તિત્વમાં હતું અને ત્યાર બાદ આ જાહેરનામાનો ભંગ થયાનું પુરવાર કરવું જરૂરી છે જે ફરિયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૧૩) આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં તદૃન નિષ્ફળ ગયેલ હોય મુદૃા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદૃા નં.૨ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## ''આખરી હુકમ''

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આરોપીઓને ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૩૩૭ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિમી.પ્રો.કો. ક. ૪૩૭ (એ) મુજબ આરોપીઓએ રૂા.૫૦૦૦/– ના જામીન રજુ કરવા.

(૩) કબજે થયેલ મુદૃામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ – રપ માહે ઓકટોબર સને : ર૦ર૧ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ :– રપ–૧૦–ર૦ર૧. | **(જીજ્ઞેશ જી. દામોદ્રા)** |
| અમદાવાદ. | એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,<br>કોર્ટ નં. ૩, અમદાવાદ.<br>**યુનિક કોડ નં. જીજે–૦૦૯૯૬.** |